# ભરૂચના જૂના બજારમાં 10 ફૂટ ઊંડો ભૂવો પડ્યો

**શહેરના** કેટલાક વિસ્તારોમાં જમીન ધોવાઈ જતાં રસ્તા બેસી જવાની ઘટના



ભરૂચ: ભરૂચ શહેરના ઐતિહાસિક જૂના બજાર વિસ્તારમાં 5થી 10 ફૂટ ઊંડો ભૂવો પડતાં વાહનચાલકો માટે જોખમી સ્થિતિ ઊભી થઈ હતી.

મળતી માહિતી મુજબ, જૂના બજારના સાંકડા રસ્તાનો એક ભાગ અચાનક ધસી પડ્યો, જેની નીચેની જમીન વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. ભૂવો એટલો ઊંડો હતો કે મોટા વાહનો પણ તેમાં ખાબકી શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. ઘટનાની જાણ થતાં જ ભરૂચ નગરપાલિકાની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ભૂવાની આસપાસ બેરિકેડિંગ કરી વાહનચાલકો તેમજ રાહદારીઓને સુરક્ષિત અંતરે રાખ્યા હતા. ત્યારબાદ યુદ્ધના ધોરણે ભૂવો પૂરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. નોંધનીય છે કે રાજ્ય સરકારે તાજેતરમાં જ નગરપાલિકા અને મહાનગરપાલિકા માટે CC (સિમેન્ટ કોંક્રિટ) રોડ બનાવવાનો નિર્ણય કર્યો છે, જેથી ડામરના રસ્તાઓની તકલીફો અને ભૂવા પડવાની ઘટનાઓને અટકાવી શકાય. જો કે, સ્થાનિક લોકોનું કહેવું છે કે હાલમાં ભારે વરસાદને કારણે જૂના બજાર સહિત શહેરના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓ નીચેથી જમીન ધોવાઈ જવાના બનાવો સામે આવ્યા છે.

# આખરી ઓપ: ભરૂચમાં બુલેટ ટ્રેન સ્ટેશન કાર્ય પૂર્ણતાની આરે

**દહેજ** બાયપાસ પર બુલેટ ટ્રેન સ્ટેશને અંતિમ તબક્કાનાં કામો શરૂ

**ટ્રેક,** છત અને સ્ટીલ ફ્રેમવર્ક તૈયાર, હાલ રવેશ અને ફ્લોરિંગનું ફિનિશિંગ ચાલુ




ભરૂચ: ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ કોરિડોર મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હવે અંતિમ સ્પર્શ તરફ આગળ વધી રહ્યો છે. આ કોરિડોર પર આવેલું ભરૂચ સ્ટેશન લગભગ પૂર્ણ થઈ ગયું છે, અને હવે તેનાં ફાઈનલ ટચ (બારીક વિગતો) નાં કામો ઝડપથી ચાલી રહ્યાં છે.

આ સ્ટેશન 508 કિમી લાંબા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માર્ગ પરના કુલ 12 સ્ટોપમાંથી એક છે. એકવાર આ કોરિડોર શરૂ થશે ત્યારે મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો મુસાફરી સમય માત્ર 2 કલાક 07 મિનિટ થઈ જશે. સ્ટ્રક્ચરલ રીતે સ્ટેશન લગભગ તૈયાર છે. કામદારોએ રેલ અને પ્લેટફોર્મ સ્લેબ નાખવાનું કામ પૂર્ણ કરી લીધું છે. સ્ટ્રક્ચરલ સ્ટીલ ફ્રેમવર્ક અને છતની ચાદર પણ નાખી દેવાઈ છે. અને હવે રવેશ (ફેકાડે) અને પ્લેટફોર્મ ફ્લોરિંગ જેવાં સૌંદર્યલક્ષી અને આંતરિક કામો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ સ્ટેશનની સૌથી ખાસ વાત તેની ડિઝાઇન છે. સ્ટેશનના બાહ્ય દેખાવમાં ભરૂચની પરંપરાગત કપાસ વણાટ કારીગરીને આધુનિક આર્કિટેક્ચર સાથે સંકલિત કરવામાં આવી છે. આ સ્થાનિક ઓળખને સાચવતો અનોખો લૂક આ સ્ટેશનને અન્ય સામાન્ય મૉર્ડન ડિઝાઇનથી અલગ તારવે છે.

ગ્રાઉન્ડ ફ્લોરમાં મુસાફરોની સુવિધાઓ, વેઈટિંગ લાઉન્જ, નર્સરી, શૌચાલય અને રિટેલ આઉટલેટ્સ હશે.

અપર પ્લેટફોર્મ લેવલમાં બે સાઇડ પ્લેટફોર્મ ચઢાણ-ઊતરાણ માટે રહેશે. લિફ્ટ અને એસ્કેલેટરની સુવિધા ફ્લોર વચ્ચે સરળ અવરજવર કરાવશે. સ્ટેશન SH-06 (ભરૂચ-દહેજ હાઈવે) સાથે સીધું જોડાય છે. વધુમાં મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે અહીંથી માત્ર 4 કિમી દૂર છે. જેના કારણે રસ્તાની ઍક્સેસ અત્યંત સુગમ બની છે.

# બદનક્ષી કેસમાં જજ રજા ઉપર હોવાથી ચૈતર વસાવાને મુદત મળી

**ચૈતર** વસાવા પર પોલીસ પ્રશાસનની છબી ખરડવાનો આક્ષેપ હતો



ભરૂચ: પોલીસ તંત્ર અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરવાના બદનક્ષીના કેસમાં AAPનાં ધારાસભ્ય ચૈતર વસાવાને બુધવારે અદાલતમાં હાજર રહેવાનું ફરમાન કરવામાં આવ્યું હતું, પરંતુ ન્યાયાધીશ રજા પર હોવાના કારણે બુધવારે કોઈ સુનાવણી થઈ શકી નથી. આ સાથે જ કોર્ટે કેસ માટે નવી તારીખ જાહેર કરવાનો નિર્ણય લીધો છે.

સમગ્ર રાજ્યના રાજકીય વર્તુળોની નજર આ અદાલતી કાર્યવાહી પર મંડાયેલી છે. જોકે, જજ રજા પર હોવાથી ચૈતર વસાવાને બુધવારે કોર્ટમાં હાજર થવાનું ટળ્યું હતું. મળતી માહિતી અનુસાર ન્યાયાધીશની ગેરહાજરીના કારણે આજે કોઈ કાયદાકીય કાર્યવાહી આગળ વધી શકી નથી. જેથી કોર્ટ દ્વારા કેસની સુનાવણી અટકાવીને નવી મુદત પાડવામાં આવી છે. આ મામલો જુલાઈ-2024 દરમિયાનનો છે, જ્યાં ચૈતર વસાવા પર પોલીસ પ્રશાસનની છબી ખરડવાનો આક્ષેપ થયો હતો. પોલીસકર્મીઓ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે ભરૂચ કોર્ટે અગાઉ પણ નોટિસ જારી કરી હતી. જોકે, અગાઉ નોટિસની યોગ્ય બજવણી ન થવાનાં ટેકનિકલ કારણોસર સુનાવણી લંબાઈ હતી. હવે ન્યાયાધીશ રજા પર હોવાથી કોર્ટ દ્વારા નવી તારીખ જાહેર કરવામાં આવશે. આમ આદમી પાર્ટીના આક્રમક આદિવાસી નેતા ચૈતર વસાવા સામે અગાઉ પણ અનેક કેસો નોંધાઈ ચૂક્યા છે. પોલીસ વિભાગ અને સરકારી તંત્ર પર પ્રહારો કરવાના કારણે તેઓ સતત વિવાદોમાં રહે છે. આમ આદમી પાર્ટી ચૈતર વસાવા સામેની કાર્યવાહીને રાજકીય બદલાની ભાવના અને વિપક્ષનો અવાજ દબાવવાનું કાવતરું ગણાવી રહી છે. હવે જોવાનું એ રહેશે કે આગામી કોર્ટ મુદત દરમિયાન ચૈતર વસાવાની મુશ્કેલીઓનો અંત આવશે કે તેમની સામે વધુ કડક વલણ અપનાવવામાં આવશે.

વારંવાર કોર્ટની તારીખો અને કાનૂની ગૂંચવણો વચ્ચે ચૈતર વસાવા માટે આગામી સમય રાજકીય તેમજ કાયદાકીય રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ અને પડકારજનક બની રહેશે. ભરૂચ કોર્ટ હવે આ કેસ માટે નવી તારીખ જાહેર કરશે.

## અંકલેશ્વરમાં નહેરમાંથી નવજાત શિશુનો મૃતદેહ મળ્યો

અંકલેશ્વર: અંકલેશ્વરના રાજપીપળા ચોકડી નજીક આવેલી મીઠા ફેક્ટરી પાસેની નહેરમાંથી બુધવારે એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે. પોલીસે બાળકની ઓળખ મેળવવા તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે બાળકના વાલીવારસ સુધી પહોંચવા વિવિધ દિશામાં તપાસ તેજ કરી છે. ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા એક મહિનામાં નવજાત શિશુ મળી આવવાની આ ચોથી ઘટના છે. આ પૂર્વે રાયમા, બોર ભાઠા-બેટ અને સંજાલી ગામ નજીકથી પણ આવા કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. વારંવાર બનતી આવી કાળજું કંપાવનારી ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે.

## ભરૂચમાં એક્સપ્રેસ હાઈવે પર કારમાંથી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ પોલીસની LCB ટીમે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પરથી પ્રતિબંધિત વિદેશી દારૂ અને એક અર્ટિગા કાર સહિત કુલ રૂ.9,72,800નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગુરુવારે વહેલી સવારે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે મનુબર ગામ પાસે NE-4 દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર એક ક્ષતિગ્રસ્ત અવસ્થામાં પડેલી ઈનોવા કાર નં.(નંબર GJ-33-K-1721) મળી આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી બિયરનાં ટીન નંગ-864 કિં.રૂ.1,72,800 તેમજ અર્ટિગા કારની કિં.રૂ.8 લાખ મળી કુલ રૂ.9,72,800 મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ભરૂચ રૂરલ પોલીસમાં અર્ટિગા કારના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રેડ દરમિયાન આરોપી ફરાર થઈ ગયો હતો અને કારમાં ચાવી પણ ન હતી. અમે ક્રેનની મદદથી કારને ભરૂચ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં લાવીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દઢાલના પ્રાચીન મહાદેવ મંદિરને તાળું મરાતાં ભક્તોમાં આક્રોશ

**પૂજા-અર્ચના** માટે પહોંચેલી દીકરીઓ અને ગ્રામજનો મંદિર બંધ જોઈ આશ્ચર્યચકિત થયા

**પોલીસ** કાફલો સ્થળ પર પહોંચ્યો, સર્વ સંમતિથી તાળું તોડી મંદિર ખુલ્લું મુકાયું


સુરેશ ગાંધી

અંકલેશ્વર: દીકરીઓના ગૌરીવ્રતની શરૂઆતના અવસરે દઢાલ ગામના પ્રાચીન મહાદેવ મંદિરે પૂજા-અર્ચના કરવા મોટી સંખ્યામાં દીકરીઓ અને ગામજનો પહોંચ્યા હતા.

પરંતુ મંદિર પર તાળું મારવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું, જેમાં તાળું મારનારી વ્યક્તિએ મંદિર પોતાની માલિકીની તેમજ ટ્રસ્ટની જમીન પર હોવાનું કારણ દર્શાવ્યું હતું. આ ઘટનાથી ભક્તોમાં ભારે રોષ ફેલાયો હતો. ગામના આગેવાનોએ સંબંધિત વ્યક્તિનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ સ્થળ પર હાજર રહ્યા નહોતા. બાદમાં સર્વ સમાજ સેના જિલ્લા પ્રમુખ મેહુલ પટેલ દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસની હાજરીમાં ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, ગામજનો તેમજ વિવિધ હિન્દુ સંગઠનોના આગેવાનો વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ સર્વ સંમતિથી મંદિરનું તાળું તોડી મંદિર ભક્તો માટે ખુલ્લું મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

બાદ ગૌરીવ્રત નિમિત્તે દીકરીઓએ ભગવાન મહાદેવનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. ધર્મસ્થળો લોકોની આસ્થાનું કેન્દ્ર હોય છે. આવા મુદ્દાઓમાં શાંતિ, સૌહાર્દ અને કાયદેસરની પ્રક્રિયા દ્વારા ઉકેલ લાવવો જરૂરી હોવાનું પણ સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું.

# ખાતર નાંખવા બાબતે યુવક પર હુમલો

**નેત્રંગનો** બનાવ, યુવક સારવાર હેઠળ

નેત્રંગ: નેત્રંગના મોરિયાણા કાળી કંપની ગામે ખેતરમાં ખાતર નાંખવા બાબતે થયેલી તકરારમાં યુવક પર કુહાડીથી જીવલેણ હુમલો કરાયો હતો. રાજેશભાઈ વસાવાના ખેતરમાં મજૂરી કરતા શ્રમિકો વચ્ચે ખાતર નાંખવાની પદ્ધતિ મુદ્દે વિવાદ થયો હતો. બીજા દિવસે સવારે અશોક રમણભાઈ વસાવા અને નિતેશ વચ્ચે બોલાચાલી થતાં અશોકે ઘરમાંથી કુહાડી લાવી નિતેશના માથામાં ઘા ઝીંકી દીધો હતો. લોહીલુહાણ હાલતમાં નિતેશને એમ્બ્યુલન્સ દ્વારા નેત્રંગ સરકારી હોસ્પિટલ બાદ રાજપીપળા અને બાદમાં વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં માથાનું ઓપરેશન કરવામાં આવ્યું છે. નેત્રંગ પોલીસે અશોક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

## અંકલેશ્વર રેલવે સ્ટેશને દારૂ સાથે એક ઝડપાયો

ભરૂચ: ભરૂચ રેલવે પોલીસે અંકલેશ્વર સ્ટેશને મધરાત્રે બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસમાંથી શંકાસ્પદ હાલતમાં ઊતરેલા ધર્મા બચ્ચાલાલ લુહાર (ઉં.વ.૫૨)ને થેલીમાં દારૂની ૧૦ બોટલ સાથે ઝડપી રૂ.૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### આમોદમાં વીજ કરંટને કારણે જીવ ગુમાવનાર મૃતકના પરિવારને સહાય



આમોદ, ભરૂચ: આમોદના રાયણ ફળિયામાં રહેતા કાર્તિક મહેશ પટેલનું એક વર્ષ પહેલાં વીજ કરંટ લાગવાથી અવસાન થયું હતું. આ અંગે ધારાસભ્ય ડી.કે.સ્વામીએ સરકારમાં રજૂઆત કરી પરિવાર માટે ૪ લાખની આર્થિક સહાય મંજૂર કરાવી હતી. ધારાસભ્યે મૃતકના નિવાસસ્થાને પહોંચી પરિવારને સાંત્વના પાઠવી હતી અને બંને બાળકોના નામે જમા કરાયેલી સહાયની બેંક પાસબુક સોંપી હતી. આ પ્રસંગે સ્થાનિક ભાજપ હોદ્દેદારો અને નગરપાલિકાના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં પૂજાથાળી ડેકોરેશન સ્પર્ધા યોજાઈ



ભરૂચ: વાલિયાની શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ ખાતે તા. 28 જુલાઈએ ઇનોવેશન ક્લબ, કલા કૌશલ્ય ધારા અને હોમ સાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગૌરીવ્રત નિમિત્તે પૂજા થાળી ડેકોરેશન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરાયું હતું. સ્પર્ધામાં કુલ 21 વિદ્યાર્થિનીએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કોલેજના સેક્રેટરી ડો.વનરાજસિંહ મહિડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કોલેજના ઇનચાર્જ પ્રિન્સિપાલ ડો.નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થિનીઓને પોતાની પ્રતિભાને વધુ નિખારવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના આયોજનમાં હોમ સાયન્સ વિભાગના વિભાગાધ્યક્ષ તથા કલા કૌશલ્ય ધારાના કો-ઓર્ડિનેટર પ્રોફેસર ભાવના ગોથાણા અને ઇનોવેશન ક્લબના કો-ઓર્ડિનેટર પ્રોફેસર અનીતા વાઘે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાનાં નિર્ણાયકો તરીકે પ્રોફેસર સોનલબેન ઘરીયા અને પ્રોફેસર શીતલબેને નિષ્પક્ષ રીતે વિદ્યાર્થિનીઓની કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન નેક કો-ઓર્ડિનેટર ડો.દિલાવરખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન પ્રોફેસર નીમિષાબેન માટીયેડા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે રોશની વસાવા અને દીપિકા વસાવા આવ્યા હતા.

### બારડોલીમાં સરકારી અનાજની દુકાને દાખલો લેવા ગયેલા આધેડ પર હુમલો

બારડોલી: બારડોલીના આશિયાના નગરમાં રહેતા ૫૦ વર્ષીય સલીમભાઈ સિદ્દીકી વ્હોરાવાડ દૂધમંડળી સંચાલિત સરકારી અનાજની દુકાને એન.એફ.એસ.ના દાખલા માટે ગયા હતા. દુકાનના પ્રમુખની સૂચનાથી તેઓ કર્મચારી આરીફ રસીદ શેખને મળ્યા અને મોબાઈલમાં વિડીયો ચાલુ કરી દાખલો માંગતાં આરીફ ઉશ્કેરાઈ ગયો હતો. આરીફે સલીમભાઈ સાથે ગાળાગાળી કરી, ચાલુ વિડીયો બંધ કરાવી ઢીકમુક્કીનો માર માર્યો હતો અને બીજીવાર આવવા પર જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનાર સલીમભાઈએ બારડોલી ટાઉન પોલીસ મથકે આરોપી આરીફ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉમરવાડા પાસે નહેરમાં મૃત માછલીઓ મળી આવતાં ખેડૂતોમાં આક્રોશ


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉમરવાડા ગામ નજીકથી પસાર થતી નહેરના વહેતા પાણીમાં મોટી સંખ્યામાં મૃત માછલીઓ અને જળચર અવશેષો તણાઈ આવતાં સ્થાનિક ખેડૂતો તથા પ્રકૃતિ સુરક્ષા મંડળમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ખેડૂતો આ નહેરના પાણીનો ઉપયોગ ખેતીમાં સિંચાઈ માટે કરે છે, જેથી પ્રદૂષિત પાણીને કારણે જમીનની ફળદ્રુપતા અને પાકને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

### કોસંબા હાઇવે પર ટેન્કરમાંથી કેમિકલની ચોરી

હથોડા: સુરત એલસીબી પોલીસે કોસંબા હાઇવે પરથી ટેન્કરમાંથી કેમિકલ ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. અદાણી પોર્ટના રામકૃપા રોડવેજથી વાગરા જતાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરવામાં આવી રહી હતી. સોહેલ દોસાણી નામના ચાલકે અન્ય આરોપીઓની સાથે મળી વિજય પેલેસ હોટલ પાસે પાર્કિંગમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરી હતી. પોલીસે ત્રણ ટેન્કરમાંથી આશરે ૧૨૦૦ લીટર કેમિકલ ચોરીનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેમિકલ ચોરી અને વેપલો કરનાર ૬ શખ્સ સામે ગુનો નોંધી એલસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### નિઝરમાં વિશ્વ હિપેટાઇટિસ દિને જનજાગૃતિ

કુકરમુંડા: નિઝર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે કોલેજના આચાર્ય ડો. એસ.એસ. અંધેરના માર્ગદર્શન હેઠળ વિશ્વ હિપેટાઇટિસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, નિઝરના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં હિપેટાઇટિસ અંગે જાગૃતિ લાવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### અણીતાની વિદ્યાદીપ કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



કિરણ ઢોડિયા

કીમ: અણીતાની વિદ્યાદીપ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (VICAIT) ખાતે શૈક્ષણિક વર્ષ 2026-27ના નવા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય અતિથિ કુલપતિ ડો.વિપુલ શાસ્ત્રીએ વિદ્યાર્થીઓને પ્રાયોગિક કૌશલ્ય અને વ્યક્તિત્વ વિકાસ પર ભાર મૂકવા પ્રેરિત કર્યા હતા. ડીન ડો.ચૈતન્ય સિંહ અને પ્રિન્સિપાલ ડો.જયનેશ દેસાઈએ અભ્યાસક્રમ, પ્લેસમેન્ટ અને સંસ્થાની સુવિધાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫૦ વિદ્યાર્થી અને સંતોષકારક પ્રતિસાદ આપનાર ૫૦ વાલીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### બેડકૂવાદૂર ગામમાં મૃતક ખેતમજૂરના પરિવારને સહાય



વ્યારા: વ્યારાના બેડકૂવાદૂર ગામે કોતરમાં ડૂબી જવાથી ૫૮ વર્ષીય ખેતમજૂર જીવણભાઈ ચૌધરીનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ મહેસૂલ તંત્રે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ધારાસભ્ય મોહન કોંકણીએ પીડિત પરિવારની રૂબરૂ મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી અને રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલી રૂ.૪ લાખની સહાયનો ચેક મૃતકનાં પત્ની પુનીબેનને અર્પણ કર્યો હતો.

### માંડવી કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો



માંડવી: માંડવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (ગ્રાન્ટેડ) ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ દ્વારા પ્રથમ વર્ષના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે એક દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ NSSના લક્ષ્યો, પ્રવૃત્તિઓ અને સમાજસેવાની ઉત્કૃષ્ટ ભાવનાથી માહિતગાર થાય તેવો હતો. આ પ્રસંગે કોલેજના ઈનચાર્જ આચાર્ય ડો.વી.વી.મકવાણા, NSS પ્રોગ્રામ ઓફિસર ડો.ઈલાબેન પટેલ, ડો.ઉદયભાઈ લાખાણી સહિત અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

### કડોદના સમર્પણ ટ્રસ્ટની માનવતા


ચેતન ટેલર

કડોદ: નવસારી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અતિ ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ જતાં લોકોના જનજીવન પર ગંભીર અસર થઈ હતી. અનેક પરિવારોને ભારે નુકસાન વેઠવું પડ્યું હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સમર્પણ ટ્રસ્ટ કડોદ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ જરૂરિયાતમંદ પરિવારોને ૧૦૧ ખાદ્ય અનાજની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જરૂરિયાત મુજબ કપડાં, ધાબળાં અને ચંપલનું પણ વિતરણ કરાયું હતું.

### કામરેજની રામકબીર શાળામાં કાર્યક્રમ

કામરેજ: કામરેજની રામકબીર શાળા ખાતે મહિલા સશક્તિકરણ, જાતીય સતામણી, સાયબર ક્રાઇમ અને નવા કાયદાઓ અંગે વિદ્યાર્થીઓ તથા સમાજમાં જાગૃતતા લાવવાના હેતુથી એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ અને નિરીક્ષક કેતન દેસાઈએ પીએસઆઈ જી.એન.શ્યારા તથા એએસઆઈ મોહિનીબેન પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. પોલીસ અધિકારીઓએ સાયબર ક્રાઇમ, નવા કાયદાઓ અને દીકરીઓને નિર્ભય બની આગળ વધવા અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ભારતીય વિદ્યા મંડળના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત,માનદમંત્રી પરેશ ભકત, ખજાનચી જીજ્ઞેશ ભક્તે સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ઉમેશ ઠક્કરે કર્યું હતું.

### નર્મદા જિલ્લામાં TEJAS વર્કશોપ યોજાશે

સુરત: ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે ભાગીદારીમાં નર્મદા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને સ્ટાર્ટઅપ સેલ ગુજરાતના સહયોગથી 31 જુલાઈ, 2026ના રોજ ડો.આંબેડકર હોલ, ગાંધી ચોક, રાજપીપળા, ગુજરાત ખાતે TEJAS વર્કશોપ યોજાશે. TEJAS, Transforming Entrepreneurial Journeys Across States and Districtsનો ઉદ્દેશ મહત્ત્વકાંક્ષી ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ્સ, ઇનોવેટર્સ, વિદ્યાર્થીઓ, સ્વસહાય જૂથો, કારીગરો, ઉદ્યોગ પ્રતિનિધિઓ, સંસ્થાકીય હિતધારકો અને સરકારી અધિકારીઓને એક સમાન મંચ પર લાવી જિલ્લામાં ઇનોવેશન તથા ઉદ્યોગસાહસિકતા આધારિત આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

### સાબરગામ કોલેજમાં સેમિનાર યોજાયો


દિપકસિંહ મહીડા

અંત્રોલી: સાબરગામ કોલેજ ખાતે યુવાઓમાં વધતા સ્ટ્રેસ, એકલતા અને ડિજિટલ વ્યસન મુક્તિ અર્થે "ધ આર્ટ ઓફ માઇન્ડ કન્ટ્રોલ" વિષય પર વિશેષ સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે આચાર્યા ડો.ફાલ્ગુનીબેન ઠક્કરે માનસિક દબાણ અને મોબાઈલના અતિરેક સામે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા અને ઈસ્કોનના યૂથ મેન્ટર સુબાલા સુંદર દાસે ધ્યાન, સાઉન્ડ મેડિટેશન અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા મન પર નિયંત્રણ મેળવી એકાગ્રતા અને આત્મવિશ્વાસ વધારવાનો સંદેશ આપ્યો હતો. ડો.આતિશ પટેલ અને પ્રો. શૈલેષ પાંધી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં આશરે ૭૦૦ જેટલા વિદ્યાર્થી અને અધ્યાપકોએ હાજરી આપી હતી.

### નિઝર કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



કુકરમુંડા: નિઝરની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે કોલેજના આચાર્ય ડો.એસ.એસ.અંધેરના માર્ગદર્શન હેઠળ ગુરુપૂર્ણિમાની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ડો.એસ.એસ.અંધેરે પ્રાસંગિક ઉદબોધન કરી ગુરુના મહિમા, ગુરુના કર્તવ્ય તેમજ ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.